# આદર્શ પાઠશાળા માટેના સુવર્ણ સૂત્રો

(૧) સાવધાન ! એક બાળક પાઠશાળામાં પ્રાયઃ ૫-૭ વરસ આવે છે. તે દરમિયાન જો આપણે તેને જૈનશાસનના સિદ્ધાંતોથી ભાવિત નહી કરી શક્યા તો તે જૈનશાસન માટે અનુપયોગી બની જશે. જો તમે ઈચ્છતા હો કે તમારા બાળકો અત્યંત સમજદાર, સદાચારી, શ્રદ્ધાવંત બને અને નવા લાખો લોકોને સન્માર્ગમાં જોડનારા અને જૈન શાસનમાં ક્રાંતિ લાવનારા બને તો તે માટે અહીં ઘણા-બધા ઉપાયો બતાવ્યા છે. તેમાંથી જેટલા શક્ય બને તેટલા ઉપાયો થકી તેમનું ઘડતર કરો અને જુઓ ચમત્કાર...

## (A) ગાથા કૌશલ્ય

(૧) ગાથા કરવામાં Speed વધે તે માટે www.bhagwankajawab.com વેબસાઈટના sutra vibhag ના ફોલ્ડરમાંથી પાંચ પ્રતિક્રમણ અને નવસ્મરણના સૂત્રો download કરીને તેમની પેનડ્રાઈવ બનાવીને પડતર ભાવે બાળકોના માતા-પિતાને આપી દેવી અથવા તેમના મોબાઈલમાં કોપી કરી દેવા અને વાલીને કહેવું કે બાળક જ્યારે ઘરે હોય ત્યારે આ પેનડ્રાઈવ લગાવી તેના સૂત્રો બાળકોને સંભળાવવા. રોજ ૧ વાર સાંભળે તો વધુમાં વધુ એકાદ વર્ષમાં મોઢે થઈ જશે. તે માટે પાઠશાળામાં ૧ વાર બધા બાળકોને સમૂહમાં બેસાડી બધા સૂત્રો ગુરુમુખે ગ્રહણ કરાવવા, પછી ઘરે રોજ એકવાર સાંભળવા જણાવવું. જેના સૂત્રો કંઠસ્થ થઈ જાય તેના ફાઈનલ સાંભળી લેવા. જે પૂરેપૂરા શુદ્ધ સંભળાવી દે તેમને ઈનામ આપવા. જે પાંચ પ્રતિક્રમણમાં ઉપયોગી ન હોય તેવા સૂત્રો પાછળથી કરાવવા.

(૨) પાંચ પ્રતિક્રમણ+નવસ્મરણ માટે મુખ્ય શિક્ષકની સાથે સંઘમાં જે બેનો કે ભાઈઓને આ સૂત્રો શુદ્ધ આવડતા હોય તેમને ભણાવવા માટે આમંત્રણ આપીને નિમણુંક કરી દેવા જેથી ગાથા લેવા-આપવામાં Speed વધે અને પર્યુષણમાં જન્મવાંચન જેવા વિશિષ્ટ દિવસોમાં સંઘસમક્ષ યોગ્ય રકમ થકી પાઠશાળા ભણાવનાર બધા શિક્ષકોનું વિશિષ્ટ બહુમાન કરતા રહેવું.

(૩) વૈરાગ્ય અને વિવેક વધે માટે બાળકોને દર મહિને ૫-૧૦ શ્લોક તેના અર્થ સાથે એવા ગોખાવવા કે જેનાથી બાળકોને સંસારના સ્વરૂપનું ભાન થાય. તે માટે વૈરાગ્ય શતક-ઈંદ્રિય પરાજય શતક વગેરે ગ્રંથોમાંથી સારભૂત ગાથા ગ્રહણ કરવી. તેમજ પ્રતિક્રમણ સૂત્રના અર્થો, સ્તુતિ, સ્તવન, સજઝાય, દેશી હિતશિક્ષાઓ, કહેવતો, શિખામણોનો પણ અભ્યાસ કરાવવો જેથી બાળકમાં સમજણ અને કોમન સેંસ વધે. જ્ઞાનભંડારમાં પણ ચુંટેલા શ્લોકો અને હિતશિક્ષાઓની એવી ઘણી બધી પુસ્તકો ઉપલબ્ધ છે જ.

(૪) પાઠશાળામાં શિક્ષકે અથવા ગ્રુપ લીડર બાળકે રોજ ૧ બાળકના જુના સૂત્રો સાંભળવા. તેમાં જો ભૂલો જણાય તો પહેલા જુના સૂત્રો પાકા કરાવવા અને પછી નવા સૂત્રોમાં તેને આગળ વધારવો. આમ વારાફરતી ૨-૩ મહિનામાં દરેક બાળકનો એક વાર નંબર લાગી જાય તેમ ગોઠવણ કરી જૂના સૂત્રો પાકા જ રખાવવા. જો આમ નહીં કરાય તો આગળ જતાં પાછળનું પાકુ કરવામાં જ બાળકનો ઘણો સમય વેડફાય છે.

(૫) જે બાળક જે સૂત્ર ભણી ગયો હોય તે પોતાની નીચે રહેલ બાળકને તે તે સૂત્રો ભણાવે. તેથી ભણનાર અને ભણાવનાર બંનેને ફાયદો થશે અને મુખ્ય શિક્ષક પર ભાર ઓછો થશે. દરેક બાળક બીજા પાંચ બાળકને સંભાળે તેમ ગોઠવવું. જેની અંડરમાં જે વિદ્યાર્થી હોય તેના સૂત્રો જો શુદ્ધ અને કડકડાટ હોય તો તેના ઉપરીની પ્રભાવના કે ઈનામો થોડા વધારી દેવા.

(૬) મેમરી ટેક્નિક્સની ઘણી બધી પુસ્તકો બુક સ્ટોલ પર મળે છે અને યુ ટ્યુબમાં પણ મેમરી વધારવા માટે ઘણા વિડીયો ઉપલબ્ધ છે. તેમાંથી ટેક્નિક્સ લઈ છોકરાઓને શીખવાડવી જેથી તેમની ગાથા ગોખવાની સ્પીડ ઘણી વધી જશે.

(૭) જુની ગાથાઓ પાકી રહે તે માટે દર ૧૫ દિવસે ૧ વાર પુનરાવર્તન કરાવવું. જેમાં જેનો જેટલો અભ્યાસ થયો હોય તે બધાનું પુનરાવર્તન થઈ જાય તેમ ગોઠવવું. તે માટે સમાન અભ્યાસવાળા ૨-૨ જણ સામસામે બેસી એક-બીજાના સૂત્રો વારાફરતી સાંભળે અને એકબીજાની ભૂલ કાઢે. પુનરાવર્તનમાં જે ગેરહાજર રહે તેમના પૂરા મહિનાના જે ઈનામ હોય તેમાં ૫૦ ટકા ઓછા કરી દેવા.

**(૮)** જેટલી નવી ગાથા કરે તેટલી કુપન આપવી. (૧ કુપન = ૫ રૂા.) તેમજ પાછળના સૂત્રોમાં જેટલી ભૂલો હોય તેટલી કુપન ઓછી કરી દેવી. આનાથી બાળકો જેટલું ભણ્યા છે તે ક્યારેય નહીં ભૂલે.

# (B) વક્તૃત્વ કૌશલ્ય

(૧) વર્તમાનમાં બાળકો ૫ પ્રતિક્રમણ અને નવસ્મરણના સૂત્રો ૧૦મી-૧૨મીમાં આવ્યા પછી પ્રાયઃ ભૂલી જાય છે. તેથી સૂત્ર કંઠસ્થ કરવાની સાથે ૧૦ વરસની ઉમ્રથી તેઓની વક્તૃત્વ કલા ખીલવવાની ટ્રેનિંગ પણ આપવી. ૯૦ ટકા જૈન સંઘોમાં મહાત્માના દર્શન પણ દુર્લભ છે. મોટા થયા પછી આ વક્તાઓ ત્યાં જઈને શિબિર-ઓળી-પર્યુષણ-ચાતુર્માસ-દીક્ષા-ભાવયાત્રા-સંવેદના વગેરે અનુષ્ઠાનો કરાવી શકશે અને જે વક્તા બનશે અને આટલા મોટા કાર્યક્રમો કરાવશે તે કેટલાયને ધર્મમાં જોડશે.

(૨) પાઠશાળામાં દર અઠવાડિયે ૧ દિવસ સામાજિક અથવા ધાર્મિક વિષયો પર વક્તૃત્વ સ્પર્ધા રાખવી. જેના પર બોલવાનું હોય તે વિષય અઠવાડિયા પહેલા તેઓને જણાવી દેવો. સારી સ્પીચ આપનારને ઈનામ આપવા દ્વારા પ્રોત્સાહિત કરવા. મહિને એક વાર બધાનો વારો આવી જાય તેવી ગોઠવણ કરવી.

(૩) દર અઠવાડિયે ૧ દિવસ ‘સ્ટોરી ટેલિંગ ડે’ તરીકે મનાવવો. જેમાં અનુક્રમે મહિનામાં ૧ વાર બધાને ચાન્સ મળે તેમ ગોઠવવું. તેનાથી તેમની જાહેરમાં બોલવાની હિંમત ખુલશે અને તે વાર્તાના પ્રભાવથી બાળકોનું નૈતિક સ્તર પણ ઉંચુ આવશે. તે માટે પાઠશાળામાં લાયબ્રેરી બનાવવી. જેમાં ૩-૪ કબાટ વસાવી હિંદી-ગુજરાતી ભાષાની વાર્તાની+જનરલ પુસ્તકો રાખવી અને તે પુસ્તકો બાળકોને વાંચવા આપવી.

(૪) જૈનશાસનની જે-જે સારી-સારી પુસ્તકો છે તેના પર મહિને એકાદ દિવસ વક્તૃત્વ ગોઠવવું જેમાં તેના ૨૦-૨૫ ભાગ કરી ૨૦-૨૫ છોકરાઓને તે વાંચી રાખવા જણાવવું અને નક્કી કરેલ દિવસે તેઓ ક્રમશઃ તેના પર વારાફરતી સ્પીચ આપે. જેઓ સારી રીતે સ્પીચ આપે તેમને ઈનામો આપવા અને છેલ્લે તેમાંથી બધા માટે પ્રશ્નોત્તરી અને ઈનામો ગોઠવવા. આવી રીતે કરવાથી બાળકોને જીવન ઉપયોગી ઘણું બધું નવું જ્ઞાન મળશે.

(૫) નજીકમાં જ્યાં-જ્યાં દીક્ષા-વિદાય સમારંભ-ભાવયાત્રા-સંવેદના વગેરે મોટા મોટા સ્ટેજ કાર્યક્રમો થતા હોય ત્યાં બાળકોને લઈ જવા. તેનો વીડીયો બનાવી બાળકોની પાસે તે લખાવી તે રીતે બોલવા માટે તેમને તૈયાર કરવા અને જ્યારે-જ્યારે અવસર આવે ત્યારે તેમની પાસે તે-તે કાર્યક્રમો કરાવવા. હાલ તો સોશિયલ મિડિયા ઉપર પણ ઘણા અનુષ્ઠાનો ઉપલબ્ધ છે. તેમાંથી પણ તૈયારી કરાવી શકાય.

# ( C ) વાંચન કૌશલ્ય

(૧) ભવિષ્યમાં કુમારપાલ વી. શાહ, કલ્પેશ વી. શાહ જેવા સારા શાસનપ્રેમિઓ, સારા ટ્રસ્ટીઓ, યુવા કાર્યકર્તાઓ અને રાજીવ દીક્ષિત જેવા ભારતીય સંસ્કૃતિને સમર્પિત ક્રાંતિકારીઓ મેળવવા હોય તો બાળકોની અંદર રહેલી લીડરશીપની કલાને વિકસાવવી પડશે અને 'લીડર' બનવા માટે પહેલા 'રીડર' બનવું પડે છે. ૨૦ વર્ષની ઉમ્ર સુધીમાં બાળકોને ૧૦૦ જેટલી પુસ્તકો વંચાવી દેવી. દર મહિને એક પુસ્તક પર સામુહિક રીતે ઓપન બુક એક્ઝામ કે મૌખિક પરીક્ષા લેવી. ૮૦ ટકા થી વધુ નંબર લાવનારને ઈનામ આપવા. આ પ્રમાણે જે બાળક-બાળિકા ૧૦૦ પુસ્તક વાંચી લેશે તે જૈન શાસનને સંપૂર્ણ વફાદાર બને તેવી પૂર્ણ સંભાવના છે. પુસ્તકો એવી સિલેક્ટ કરવી કે જે તેના જીવનમાં રોજ કામ લાગે અને જૈનશાસન પ્રત્યે શ્રદ્ધા અને ખુમારી ઉત્પન્ન કરે. પુસ્તકોની લિસ્ટ અને પ્રાપ્તિસ્થાન માટે www.bhagwankajawab.com/readingbooks.html પર type કરી PDF ડાઉનલોડ કરવી.

(૨) ઘણીવાર ઘણા બધા મહાત્માઓની વિવિધ પુસ્તકો પર **Open Book Exam** અને ઈનામી યોજનાઓ ગોઠવાય છે. જ્યારે આવું કોઈ આયોજન દેખાય તો તેની જાહેરાત અને પુસ્તક વિતરણ પાઠશાળામાં ખાસ કરાવવું તેનાથી જે-જે જોડાશે તે બાળકો વિશિષ્ટ જ્ઞાની બનશે.

(૩) તે સિવાય પણ તેમના જીવનમાં કામ લાગે અને તેમનું કોમન સેન્સ વધારે તેવી વાતો જેમાં હોય તેવી વર્લ્ડની બેસ્ટ સેલર બુકનો અને જૈન વાર્તાઓની પુસ્તકોનો ૧ કબાટ પાઠશાળામાં વસાવવો અને તેમને ફ્રી સમયમાં આ પુસ્તકો વાંચવા માટે પ્રેરણા કરતા રહેવું.

# (D) શ્રવણ કૌશલ્ય

(૧) જ્યારે પણ સંઘના ઉપાશ્રયમાં વિદ્વાન મહાત્મા ઉપસ્થિત હોય ત્યારે ૧૦ વરસથી મોટા બાળકો અને યુવાનો માટે તેમના પ્રવચનો, વિવિધ વિષયો પર પ્રશ્નોત્તરી અથવા વિભિન્ન ગ્રંથો પરની વાચનાઓ પાઠશાળામાં રખાવવી. અંતે તે જ પ્રવચનમાંથી ૧૦ પ્રશ્નો પૂછી ઈનામ આપવા. તેમની વાણીથી ઘણામાં આશ્ચર્યજનક પરિવર્તન આવશે. મહાત્મા જેવું ઘડતર કરી શકે છે તેવું બીજા પ્રાયઃ નહીં કરી શકે. માટે ફર્સ્ટ ચાન્સ તેમને આપવો. તે ન હોય ત્યારે રુટીન પાઠશાળા ચલાવવી. આમાં સાધુ ભગવંતો બાળકોને અને સાધ્વીજી ભગવંતો બાળિકાઓને સમજાવે તેમ પણ ગોઠવી શકાય. સવારના જે પ્રવચનો થાય છે તેમાં પ્રાયઃ ૫૦ ઉપરનો વર્ગ આવે છે. ભવિષ્યના જૈન શાસનને સુરક્ષિત કરવું હોય તો સાંજે પાઠશાળામાં નાનાઓ માટે તેમને ગમે એવું પ્રવચન ખાસ ગોઠવવું.

(૨) ઉપાશ્રયમાં અને પાઠશાળામાં જે પ્રવચનો થાય તેમાં ગુરુભગવંતોના નામ, તારીખ, સમય, અને વિષય સાથે જે-જે બાળકો પ્રવચનોના મુદ્દાની સારી નોટ્સ બનાવે, તેમને તે નોટબુક ભર્યા પછી તેના પાના-અક્ષરો અને મુદ્દા પ્રમાણે વિશિષ્ટ ઈનામ આપવા અને તે નોટબુકમાંથી તેમની મૌખિક પરીક્ષા લેવી. સારા માર્ક્સથી પાસ થનારને પણ ઈનામ આપવા.

(૩) ૧૦ થી ૩૦ વરસ સુધીના જે છોકરા-છોકરીઓ ઉપાશ્રયમાં પ્રવચનમાં આવે તેમને આવતાં-જતાં એવી પ્રભાવના કરવી કે એમને વારંવાર પ્રવચનમાં આવવાનું મન થાય.

(૪) રજાના દિવસોમાં જો મહાત્મા ઉપાશ્રયમાં બિરાજમાન હોય તો ૧૦ વરસથી મોટા છોકરા-છોકરીઓની દોઢ-બે કલાકની શિબિર ગોઠવી શકાય. છોકરાઓ જેટલું વધારે સાંભળશે તેટલા વધુ વિવેકી બનશે. શિબિર અને પ્રવચનોમાં ઈનામ-પ્રભાવના-અલ્પાહાર વગેરે એવા પ્રલોભનો રાખવા કે પાઠશાળા ન આવનારા બાળકો પણ તેમાં જોડાય.

(૫) અઠવાડિયે કે પખવાડિએ ૧ દિવસ અલગ-અલગ ક્ષેત્રમાં જે-જે લોકો બહુ આગળ વધ્યા હોય તેવા વિશિષ્ટ લોકોને બોલાવવા અને તેઓ તે-તે ક્ષેત્રમાં સફળ કંઈ રીતે બન્યા તેની સ્પીચ રખાવવી. તેનાથી છોકરાઓ ભવિષ્યમાં ક્યારેય પણ બેકાર નહીં બને અને જૈનશાસન પર સાધર્મિકોને સાચવવાનો બોજો ઘટશે.

# (E) ક્રિયા કૌશલ્ય

(૧) મહિને એકવાર સામૂહિક પ્રતિક્રમણ કરાવવું. જેમાં જે છોકરો સૂત્ર બોલે તેને સૂત્ર પ્રમાણે વિશિષ્ટ ઈનામ આપવા. દર વખતે નવા છોકરાને આદેશ આપવા. સૂત્ર શુદ્ધ+ કડકડાટ હોય તો જ ઈનામ આપવા. ૫૦ રૂા.થી લઈને ૩૦૦ રૂા. સુધીના ઈનામો રાખવા.

(૨) આપણી ક્રિયાઓ કેવી રીતે વૈજ્ઞાનિક છે, લોજિકલ છે, શારીરિક અને માનસિક રીતે પણ ફાયદાકારક છે. પરમ શાંતિને આપનારી છે, તેનું જ્ઞાન મળે તે માટેના સેમિનાર ગોઠવવા. આનાથી બાળકો તે-તે ક્રિયાઓ ભાવપૂર્વક કરતાં થશે.

(૩) જે બાળક કે બાળિકા કાયમી ચૌવિહાર/તિવિહાર, ઉકાળેલું પાણી, પ્રવચન શ્રવણ, અષ્ટપ્રકારી પૂજા, ચપ્પલ ત્યાગ, ૧ સામાયિક, એકાસણા - બિયાસણા, ટી.વી. - મોબાઈલ ત્યાગ વગેરે વિશિષ્ટ આરાધના કરે, વેકેશનમાં મ.સા. પાસે રહેવા જાય તેમનું તેમની આરાધના પ્રમાણે વિશિષ્ટ બહુમાન કરતા રહેવું.

(૪) ૧૦ વરસથી મોટા જે બાળક ઉપાશ્રયમાં જઈને દર મહિને જેટલા ગુરુવંદન કરે તેટલા રૂા.ની ગિફ્ટ આપવી. ૧ ગુરુ ભગવંતને વધુમાં વધુ દિવસમાં ૧ વાર વંદન ગણાશે. તે માટે ગુરૂવંદનના ટોકન બનાવી રાખવા અને મ.સા.ને આપી દેવા.

(૫) દર વરસે જ્ઞાનપંચમી-મૌનએકાદશી-ઓળી-શાસનસ્થાપના-પર્યુષણપર્વ વગેરે જે-જે વિશિષ્ટ પર્વો આવે છે તેમની સામુહિક ઉજવણી કરાવવી. પૌષધ વગેરેનું આયોજન કરવું.

(૬) જે બાળકો દિવાળીમાં ફટાકડા-હોળીમાં ધુળેટી-નવરાત્રિમાં ગરબા વગેરેનો ત્યાગ કરતા હોય તેમને વિશિષ્ટ ઈનામો આપવા.

# (F) જ્ઞાન કૌશલ્ય

(૧) જો મહાત્માનો યોગ મળતો હોય તો તેમની પાસે અથવા સંસ્કૃતના જાણકાર સારા પંડિતજી રાખી ૧૫ વરસની ઉંમર પહેલા છોકરાઓને સંસ્કૃતના ગ્રંથો વાંચતા કરી દેવા. જેટલા ગ્રંથો વાંચે તેટલા ઈનામો આપવા. તેનાથી આગળ જતાં તેઓ પ્રાચીન ગ્રંથોનું સંશોધન-સંપાદન કરી શકશે અને ભવિષ્યમાં આર્ટિફીશીયલ ઈંટેલિજંસ અને રોબોટિક સિસ્ટમના કારણે જ્યારે મોટાભાગની નોકરી અને ધંધા ખતરામાં છે ત્યારે બીજું કોઈ કામ નહીં મળે તો કટોકટીમાં પોતાની આવક પણ ઉભી કરી શકશે તેમજ કાયમ ધર્મ સાથે જોડાએલા રહેશે.

(૨) શાસ્ત્ર પરીક્ષા યોજના અંતર્ગત ઐતિહાસિક યોજના નં.-૧ અને નં.-૨ અંતર્ગત જે બહેનો જીવવિચારથી શરૂ કરી જેટલા ગ્રંથો સાધ્વીજી ભગવંત પાસે ભણે, તેમની પરીક્ષા આપે તેમને કુલ મળી ૫૦ હજારથી વધુ રૂા.ના ઈનામો અપાય છે. આ યોજનામાં પાઠશાળાની છોકરીઓ અને સંઘની બેનોને જોડવા. (સંપર્ક : આશિષભાઈ- ૯૩૭૪૫ ૧૨૨૫૯)

(૩) જે છોકરાઓ જીવવિચાર વગેરે જેટલા ગ્રંથો ઉપાશ્રયમાં સ્થિત મહાત્મા પાસે જઈને પૂર્ણ કરે, તેની પરીક્ષા આપે અને મહાત્મા કહે કે ૯૦ ટકા માર્ક્સ આવ્યા છે તો તેને વિશિષ્ટ દિવસોમાં સકલ સંઘ

સમક્ષ તે-તે ગ્રંથો પ્રમાણે વિશિષ્ટ ઈનામો આપવા. મહાત્માનો યોગ ન મળે તો પંડિતજી રાખીને પણ ભણાવી શકાય. પાઠશાળા એક કલાક પૂરતી મર્યાદિત ન રાખતા જેને વધુ રસ હોય તેને આગળ વધારવા પંડિતજી વગેરે રાખી સ્પેશ્યલ કોર્સ કરાવવો. જીવવિચાર વગેરે આગળના ગ્રંથોમાં સૂત્રનો આગ્રહ ન રાખવો. અર્થથી એકવાર કરાવી દેવા. આવી રીતે જે બાળકો તૈયાર થશે તેઓ આગળ જતા આખી પાઠશાળાનું સંચાલન પોતે કરી શકશે.

(૪) જેમણે હિંદી-ગુજરાતી કે અંગ્રેજી વાંચતા અને સમજતા આવડી ગયું હોય તેમને આ.શ્રી ગુણરત્નસૂરિજી મ.સા. પ્રેરિત જૈનિઝમ કોર્સ (૩૬ ભાગ) પાઠશાળામાં ખાસ કરાવવો. તેની પરીક્ષા અપાવવી. આનાથી જૈનશાસનનું પાયાનું જ્ઞાન બાળકોને મળશે. જેનાથી સમજણ વધે તેવા બીજા પણ ઘણા કોર્સ જૈનશાસનમાં ઉપલબ્ધ છે. જેના અંતે વિશિષ્ટ ઈનામો પણ અપાય છે. જેની પાસે જેટલો સમય હોય તેને તે પ્રમાણે આવા વિભિન્ન કોર્સમાં જોડતાં રહેવું. જૈનિઝમ કોર્સની માહિતી મેળવવા www.jainismcourse.org પર સર્ચ કરવું.

# (G) પ્રવૃત્તિ કૌશલ્ય

(૧) વેકેશનમાં ઘણા ઠેકાણે ૫-૧૦ દિવસની શિબિરોનું આયોજન થાય છે. જો શક્ય હોય તો દરેક બાળકને દર વરસે ૨-૩ શિબિરો કરાવી દેવી. આનાથી તેમનો સર્વાંગી વિકાસ થશે.

(૨) વૈરાગ્ય, વિવેક અને જૈનશાસન પ્રત્યે ખુમારી વધે તેવા નાટકો તૈયાર કરાવવા અને જ્યાં-જ્યાં ધાર્મિક કે સામાજિક પ્રસંગ હોય તેમાં તેના શો રખાવવા.

(૩) દર રવિવારે-રજાના દિવસે તેમજ દિવાળી કે સમર વેકેશનમાં સામુહિક અષ્ટપ્રકારી પૂજા - આંગી સ્પર્ધા - સ્નાત્ર મહોત્સવ - ચૈત્યપરિપાટી - સંધ્યાભક્તિ - અંતાક્ષરી - સિંગિંગ કોંપિટીશન, વિવિધ વિષયો ઉપર ડિબેટ-નિબંધ લેખન વગેરે ધાર્મિક અનુષ્ઠાન-ધાર્મિક રમતો કે સ્પર્ધાઓનું ક્રમશઃ આયોજન કરવું. તેમજ વૈદિક ગણિત-ગહુલી-રંગોલી-ડ્રોઈંગ-ડ્રામા-એંકરીંગ-સ્ટેજ પ્રોગ્રામ-સુલેખન, રેકી-હીલિંગ વગેરે એવી એક્સ્ટ્રા એક્ટિવિટી ક્રમશઃ ગોઠવી શકાય કે જેમાં શીખવા માટે છોકરાઓ પડાપડી કરે. પણ તેમાં પ્રવેશ તેને જ આપવો કે જેઓ રોજ પાઠશાળા આવતા હોય. એ બહાને પાઠશાળામાં આવનારની સંખ્યા ઘણી વધશે.

(૪) જેમને સંગીતમાં રસ હોય તેવા બાળકો માટે ધાર્મિક ગાયન-વાદન અને નૃત્યના અઠવાડિયે ૧-૨ દિવસના સંગીતના અલગ ક્લાસ ગોઠવવા. તૈયાર થયા પછી તેમને ભક્તિ અને વિભિન્ન ધાર્મિક કાર્યક્રમો કરાવવા મોકલવા.

(૫) જે બાળકો સંગીત વગેરે જે-જે કલાઓમાં માસ્ટરી મેળવી લે તેમને જ પાછળથી બીજા બધાને શીખવવા માટે ગોઠવી દેવા. આનાથી આગળ જતા બહારના શિક્ષકોનો પગાર બચશે. જે શીખવનાર બાળક હોય તેમનું યોગ્ય રકમ થકી અવસરે-અવસરે બહુમાન કરતા રહેવું.

(૬) બાળકોને સ્વરક્ષાની તાલીમ આપવા માટે કરાટે-કુંગફુ-જુડો-માર્શલ આર્ટ વગેરે વિશિષ્ટ કોર્સ કરાવાય તો તેઓ સ્વસુરક્ષા કરી શકશે અને મોટા થયા પછી જૈનશાસન માટે ક્યારેક જરૂર પડે તો તીર્થરક્ષાદિ કાર્ય માટે પણ કામ લાગશે.

(૭) અવસરે-અવસરે આયુર્વેદના નિષ્ણાંતોને બોલાવી અથવા રાજીવ દીક્ષિતની આયુર્વેદિક વિડીયો થકી છોકરાઓને દવા લીધા વગર શરીર સ્વસ્થ કઈ રીતે રાખવું તેની જૈન પદ્ધતિ પ્રમાણે વિશિષ્ટ તાલીમ આપવી અન્યથા આગળ જતાં તેઓ શરીરથી કમજોર બની આરાધના પણ નહીં કરી શકે અને જૈનશાસન માટે પણ ઉપયોગી નહીં બની શકે.

(૮) વર્તમાનમાં અંગ્રેજી ભાષાનો જબરો ક્રેજ હોવાથી ઈંગ્લિશ સ્પીકિંગ કોર્સ કરાવવામાં આવે તો તે બહાને પણ ઘણા બધા છોકરાઓ પાઠશાળા આવતા થશે. શક્ય હોય તો તેમને એ રીતે તૈયાર કરવા કે તેઓ ભવિષ્યમાં વિદેશોમાં જઈને અંગ્રેજી ભાષામાં ત્યાંની પ્રજાને પણ ધર્મ સમજાવી શકે.

(૯) સંઘમાં કોઈપણ મોટા અનુષ્ઠાન હોય તો તેમા રજાના દિવસોમાં બાળકોને સેવા કરવા માટે પ્રોત્સાહિત કરવા. દરેકને તેમની શક્તિ પ્રમાણે અલગ-અલગ કામ સોંપવું. માસક્ષમણ કરનાર કરતા પણ સેવા કરનાર વધારે પુણ્ય બાંધે છે તેવું તેમને જણાવવું. બાળપણથી સેવાના સંસ્કાર પડ્યા હશે તો જ મોટા થયા પછી પણ સંઘમાં દેખાશે, અન્યથા ગાયબ થઈ જશે.

(૧૦) બાળકોમાં દયા-કરૂણા-માનવતા-સજ્જનતા-પરોપકાર આદિ પ્રાથમિક ગુણોનો વિકાસ થાય તે માટે અવસરે-અવસરે તેમને અંધજનશાળા-ઝુંપડપટ્ટીઓ-કેંસર હોસ્પિટલો-પાંજરાપોળો-અનાથાશ્રમો-ઘરડાઘરો આદિ સ્થાને લઈ જવા અને તેમને પોતાના ઘરેથી વસ્તુઓ સાથે લઈ જવાનું જણાવવું અને તેમના જ હાથેથી તેમને દાન વગેરે કરવા પ્રોત્સાહિત કરવા.

(૧૧) હોળી-ઉતરાયણ જેવા દિવસોમાં નજીકના તીર્થોનો યાત્રાપ્રવાસ ગોઠવી દેવો જેથી છોકરાઓ પાપથી બચે અથવા તો તેમને બર્ડ કેમ્પ વગેરેમાં જોડી દેવા જેથી જીવદયાના સંસ્કાર પડે.

# (H) અતિંદ્રિય કૌશલ્ય

(૧) વેકેશનના સમયમાં 'થર્ડ આઈ ઓપનિંગ' માટેના ક્લાસ કરાવવા. જેથી છોકરાઓ આંખ બંધ રાખીને પણ પુસ્તકો વાંચી શકે છે. આનાથી તેમનામાં ગાથા કરવાની ક્ષમતા-ધારણા શક્તિ અને એકાગ્રતા વધે છે.

(૨) તેની સાથે 'હિપ્નોટીઝમ'નો કોર્સ પણ કરાવી શકાય. જે શીખ્યા પછી તેઓ બીજાને તેનો પૂર્વજન્મ યાદ કરાવી શકે છે. પોતે પણ પોતાનો પૂર્વજન્મ જોઈ શકે છે અને સાથે ઘણી બધી અતિંદ્રિય શક્તિઓના સ્વામી બને છે. આ કોર્સ થકી પૂર્વ જન્મ પર શ્રદ્ધાન્વિત બન્યા પછી તેઓ ધર્મના તીવ્ર અનુરાગી બને છે. આ બંને કોર્સ મોંઘા હોય છે. પણ ૧૦૦ થી વધુ બાળક-બાળિકાઓ એક સાથે કરે તો સસ્તામાં થઈ શકે છે અને આ કોર્સ કરવા દ્વારા ભવિષ્યમાં તેઓ જરૂર પડે તો સારી આવક પણ મેળવી શકે છે.

(૩) આપણા દરેકના શરીરની આસપાસ એક આભામંડળ હોય છે. જેને 'ઔરા' કહેવાય છે. કિર્લિયન ફોટોગ્રાફીથી દરેકની 'ઔરા' જોઈ શકાય છે. જેઓ પવિત્ર જીવન જીવે છે, શુભ ક્રિયાઓ કરે છે તેમની 'ઔરા' ખૂબ જ સુંદર હોય છે. 'ઔરા' જેટલી પાવરફુલ હોય, વ્યક્તિનું જીવન તેટલું વધુ સુખમય બને છે. જો દરેક પાઠશાળામાં 'ઔરા' ચેક કરવાની સિસ્ટમ વસાવવામાં આવે તો બાળકો અને સંઘના ઘણા લોકો પોતાની ઔરાને સુધારવા માટે સહજ રીતે ધર્મક્રિયાઓ અને શુભ વિચારો વધે તેવા કાર્યો કરતા થઈ જશે. યુ ટ્યુબમાં 'ઔરા' સંબંધી ઘણા વિડીયો ઉપલબ્ધ છે તેમાંથી તેની વિસ્તૃત માહિતી મેળવી શકાય.

(૪) જ્યારે-જ્યારે કોઈ સારા જાણકાર મળે ત્યારે રજાના દિવસોમાં સવારના સમયે જૈન પદ્ધતિ પ્રમાણે ધ્યાન અને યોગની ક્લાસીસ ગોઠવવી. જેનાથી છોકરાઓનું આંતરિક ઘડતર ખૂબ જ સરસ થશે અને એકાગ્રતા ખુબ જ વધશે.

# (I) પાઠશાળા વિવેક

(૧) પાઠશાળામાં પ્રવેશ વખતે બાળકનું પ્રવેશ ફોર્મ ભરાવવું. જેમાં બાળકની સંપૂર્ણ બાયોડેટા આવી જાય. આગળ જતાં આ રેકોર્ડ ખૂબ જ કામ લાગશે.

(૨) જો ૧૦૦% રીઝલ્ટ મેળવવા ઈચ્છતા હોવ તો ૧૦ વરસથી મોટી ઉંમરના છોકરા-છોકરીઓના ક્લાસ અલગ રાખવા અને તેમનો સમય પણ અલગ રાખવો.

(૩) જેઓ અભદ્ર વસ્ત્રો પહેરીને આવે તેમની પૂરી મહિનાની હાજરી અને ઈનામો કેન્સલ કરી દેવા. બહેનોને માથે ઓઢીને આવવાનું ફરજિયાત રખાવવું. છોકરાઓ-છોકરીઓ અધૂરા કે ફાટેલા વસ્ત્રો પહેરીને ન આવે તેનું ધ્યાન રાખવું.

(૪) જે છોકરો કે છોકરી પાઠશાળામાં નવા જૈન કે જૈનેતર છોકરા-છોકરીને લઈને આવે અને તે નવા બાળકો જો ૩ મહિનાથી વધુ સમય સુધી રેગ્યુલર આવતા થઈ જાય તો લાવનારને ૫૦૦ રૂા. નું ઈનામ અથવા તેટલી કિમતની ગિફ્ટ આપવી.

(૫) દર મહિને ૧ દિવસ ક્વીઝનું આયોજન કરવું જેમાં આખા મહિનામાં પાઠશાળામાં જે-જે સમજાવવામાં આવ્યું હોય તેને લગતા ૧૦૦ પ્રશ્નો પૂછવામાં આવે અને તેના સાચા ઉત્તરો આપનારને દરેક ઉત્તર પર યોગ્ય ઈનામ આપવા.

(૬) ટીની-મીની પાઠશાળામાં રોજ ૧૦-૧૫ મિનિટ ગુજરાતી અને હિંદી ભાષા લખતા-વાંચતા-સમજતા આવડે તેનો અભ્યાસ કરાવવો. નાનપણથી જેઓ માતૃભાષામાં ભણતાં નથી, મોટા થયા પછી તેમને આપણા ધર્મના પુસ્તકો પરથી રસ જ ઉડી જાય છે.

(૭) વિવિધ યોજના થકી નાની-નાની ગિફ્ટો આપવાને બદલે કુપન સિસ્ટમ રાખવી અને મહિનાના અંતે સુપર મોલ રાખવો. જેમાં જેની જેટલી કુપનો ભેગી થઈ હોય તે પ્રમાણે ૨૦૦-૫૦૦ રૂ.ની ગિફ્ટ આપવી. નાની-નાની ગિફ્ટને બદલે મોટી વસ્તુઓ બાળકોને વધુ ગમશે. ૨-૩ મહિનાની કુપનો જમા કરે તો તેટલી મોટી ગિફ્ટ આપવી.

(૮) ઘણી પાઠશાળાઓમાં દૂરથી આવતા બાળકો માટે વાહન વ્યવસ્થા હોય છે. તેનાથી પાઠશાળામાં આવનાર છોકરાઓની સંખ્યા ઘણી વધે છે.

(૯) જ્યારે ઘણા શ્રાવકો ભેગા થયા હોય તેવા વિશિષ્ટ પ્રસંગોમાં પાઠશાળામાં Top Ten આવનારા બાળકોનું વિશિષ્ટ બહુમાન ગોઠવવું અને તેમને શું વિશિષ્ટ કર્યું છે તેની પણ જાહેરાત કરવી. તેમજ પાઠશાળા અને સંઘના વોટ્સએપ ગ્રુપમાં વિશિષ્ટ આરાધના કરનાર બાળકોના ફોટા પણ અવસરે-અવસરે મોકલવા જેથી બીજાઓને પણ તેવું કરવાની ઈચ્છા થશે.

(૧૦) દર વરસે પાઠશાળાનો વાર્ષિક મેળાવડો રાખવો. જેમાં સકળ સંઘ ભેગો થાય અને તેમાં જે-જે બાળકોએ જે-જે વિશેષ પ્રગતિ કરી હોય તે વાંચી સંભળાવવું. તેમના શો રખાવવા. તેમનું વિશિષ્ટ બહુમાન કરવું. આનાથી બીજાઓને પણ પાઠશાળામાં આવવાનું આકર્ષણ ઉભું થશે.

(૧૧) સંઘની ઓફિસ પાસે અથવા પાઠશાળામાં ૧ સૂચના પેટી રાખવી. જેમાં જેને જે કોઈ સલાહ-સૂચનની ચિટ્ઠી નાંખવી હોય તે નાંખી શકે અને અઠવાડિયે ૧ દિવસ તેને જોઈ લેવી. તેમાંથી જે શક્ય હોય તેના પર અમલ કરવો. આનાથી આપણી ભૂલો પકડમાં આવશે અને સુધારો થઈ શકશે.

(૧૨) વરસમાં એક વાર શહેરની બધી પાઠશાળાઓના બાળકો વચ્ચે વિવિધ સ્પર્ધાઓ રખાવવી. તેનાથી બાળકોમાં આગળ વધવાનો ઉત્સાહ વધશે અને તેઓ પાછળ ન રહી જાય તે માટે જાતે પ્રયત્ન કરશે.

(૧૩) અહીં જેટલા મુદ્દાઓ બતાવ્યા છે તેમાં જે-જે કાર્યો બતાવ્યા છે તે કાર્યો પાર પાડી શકે તેવા ઉત્સાહી યુવાનો અને બેનોની ટીમ તૈયાર કરવી અને તેમને તે-તે કાર્યો સોંપવા. જો કાર્યકર્તાની

મજબૂત ટીમ નહીં હોય તો આવી આદર્શ પાઠશાળા સ્વપ્નનો વિષય જ બની રહેશે.

(૧૪) પાઠશાળામાં સંખ્યા વધે તે માટે ૨-૩ કાર્યકર્તાઓ એવા ગોઠવવા કે જેઓ ઘર-ઘર ફરી જેમના બાળકો પાઠશાળા ન આવતા હોય તેમના માતા-પિતાને સમજાવે અને તેવા બાળકોને પાઠશાળાનું મહત્ત્વ સમજાવી પાઠશાળા આવવા માટે પ્રેરિત કરે.

(૧૫) પાઠશાળામાં બાળકની હાજરી ૯૦ ટકા જેટલી હોય તો જ તેને ઈનામની રકમ કે ગિફ્ટ પૂરેપૂરી આપવી. હાજરી જેટલી ઓછી હોય તે પ્રમાણે તેની ઈનામની રકમ પણ ઓછી કરી દેવી. આનાથી બાળકો બિનજરૂરી રજા નહીં પાડે.

(૧૬) અહીં જે નિયમો બતાવ્યા છે તે નિયમો મુજબ ચાલનારી આદર્શ પાઠશાળામાં ભણવા માટે બાળક દીઠ દર મહિને ૧૦૦/- રૂા. ફી વાલી પાસેથી લેવી. ભલે ઈનામ રૂપે અંતે પાછા આપી દેવા. ફ્રીમાં ન ભણાવવું. તેનાથી તેની વેલ્યુ થતી નથી.

(૧૭) વર્તમાનના ઘણા છોકરાઓને અંગ્રેજી ભાષામાં જ સહેલાઈથી ખબર પડે છે. તેથી તેમને પણ સમજણ પડે તેવી સૂત્ર-વાર્તા વગેરેની બધી જાતની પુસ્તકો પાઠશાળામાં વસાવવી.

(૧૮) બાળકોમાં કોમન સેન્સ અને અનુશાસન વધે તેવું પણ શીખવાડતા રહેવું. જેમ કે પાઠશાળાની બહાર ચપ્પલો લાઈનસર ગોઠવવા, પાઠશાળામાં લાઈનસર બેસવું, પ્રભાવના માટે પડાપડી ન કરવી વગેરે, તેમજ સ્કૂલ-ઘર-દેરાસર-ઉપાશ્રય વગેરે દરેક ક્ષેત્રમાં કોમનસેન્સ શું હોવો જોઈએ તે તેમના મોઢાથી અવસરે- અવસરે બોલાવતા રહેવું. જેઓ અનુશાસન તોડે, વાતો-મસ્તી કરે, ન કરવા જેવા કામો કરે તેમની અમુક કુપન કેંસલ કરી દેવી અને જેઓ ખુબ જ સરસ રીતે આગળ વધતા હોય તેમની અમુક કુપન વધારી દેવી. આનાથી છોકરાઓ આપમેળે અનુશાસનમાં રહેશે.

(૧૯) દેરાસરની બહાર પાઠશાળાનું ૧ અલગ જ બોર્ડ રાખવું. જેમાં રોજ નવા સરસ સુવાક્યો તેમજ પાઠશાળાને લગતી સૂચનાઓ લખાતી હોય તેમજ ઘણી પાઠશાળાઓમાં વાલીઓનું વોટ્સએપ ગ્રુપ હોય છે. જેના થકી પણ સમસ્ત માહિતી યોગ્ય સમયે પહોંચી જાય તેવી વ્યવસ્થા હોય છે.

# (J) વર્તમાન વિવેક

(૧) અઠવાડિયામાં એક દિવસ પ્રોજેક્ટર પર એવા વિડીયો બતાવી શકાય કે જેનાથી તેઓ જૈન ધર્મ પ્રત્યે ભાવિત થાય. તેનું કલેક્શન You tube માં Bhagwan ka jawab ચેનલના પ્લેલિસ્ટમાં તૈયાર છે. (પ્રાયઃ ૨૫૦ થી વધુ વિડીયો છે.) તે સિવાય સોશિયલ મિડીયા પર ઘણા વિડિયો ઉપલબ્ધ છે જ. જો પ્રોજેક્ટરનું સેટીંગ ન થાય તો દર અઠવાડિયે તેમાંથી ૨-૩ વિડીયો તેમના પર વોટ્સએપથી મોકલવા અને અઠવાડિયે ૧ દિવસ તેના પર મૌખિક પરીક્ષા લેવી અને સાચા ઉત્તર આપનારને ઈનામો આપવા.

(૨) પાઠશાળામાં ૧ સ્થાઈ કોમ્પ્યુટર એવું હોય કે જેમાં અત્યાર સુધીમાં જૈન ધર્મને લગતી જેટલી વિડીયો અને સાહિત્ય ઉપલબ્ધ હોય તે બધું એક સાથે ઉપલબ્ધ હોય અને જે બાળકને જ્યારે સમય મળે ત્યારે તે પાઠશાળામાં આવીને આ કોમ્પ્યુટર પર બેસીને જૈનધર્મનું તેને જે ગમતું હોય તેવું વિશિષ્ટ જ્ઞાન-વિડીયો-ઓડિયો અથવા ઈ-પુસ્તકો થકી મેળવી શકે તેવું આયોજન પણ કરવામાં આવે તો ઘણો ફાયદો થાય એમ છે. તેમાં ઈન્ટરનેટ કનેક્શન ન રાખવું.

(૩) વર્તમાન એજ્યુકેશનની સીસ્ટમના કારણે બાળકો પાઠશાળાથી દૂર ભાગી રહ્યા છે અને તેમના માતા-પિતા પણ ભણતરના બહાના કરી બાળકોને પાઠશાળાથી દૂર રાખે છે. તેમને જો એવી ખબર પડે કે આ એજ્યુકેશન સિસ્ટમ બેરોજગાર - ટેલેંટ વગરના અને નવું ન વિચારી શકનારા

મૂરખાઓને ઉત્પન્ન  કરવાનું કારખાનું છે તો તેઓ તરત તેનાથી દૂર થઈ જે તેમને દરરોજ કામ લાગે તેવું શીખવવા લાગશે. બાળકો અને તેમના મા-બાપના મગજમાંથી વર્તમાન એજ્યુકેશનનું ભૂત જો બહાર કાઢવું હોય તો You tube માં Bhagwan ka jawab ચેનલના પ્લેલિસ્ટમાં રહેલ Bogas education system of india માં મુકેલ ૭૫ થી વધુ વિડિયો પર વારાફરતી ક્વીઝ વગેરેનું આયોજન કરતાં રહેવું. આ બધા વિડીયો જેટલી વધુ વાર  તેઓ અને તેમના માતાપિતા જોશે  તેટલા વધુ તેઓ વર્તમાન શિક્ષણ પદ્ધતિથી આપમેળે દૂર થતાં જશે, તેમજ ભવિષ્યમાં બીજાઓને પણ કામ આપી શકે તેવા સક્ષમ બનશે.

(૪) દરેક માણસમાં કોઈક ને કોઈક પ્રકારની વિશેષતા કુદરતે આપેલી હોય છે. તેને બહાર કાઢવા પૂરતો સમય આપવો પડે છે. શરૂઆતના ૧૦-૧૫ વર્ષમાં જો તેના માટે પૂરેપૂરી મહેનત કરવામાં આવે તો તે ટેલેંટ આરામથી બહાર આવી શકે તેમ હોય છે. પણ તેના માટે સૌથી મોટું નડતરરૂપ હોય તો તે છે સ્કૂલનો અભ્યાસક્રમ. તે અભ્યાસ નડતરરૂપ ન બને અને સ્કૂલોમાં ગયા વગર જ બહારથી પરીક્ષા આપીને જેણે ડીગ્રી મેળવવી હોય અને તેના દ્વારા પોતાનો ૯૦ ટકા ખર્ચો અને સમય  બચાવવો હોય અને તે સમય અને ધનને વિવિધ જાતના  ટેલેંટ વિકાસમાં લગાડવો હોય તો સ્કૂલોમાં ગયા વગર ડીગ્રી કંઈ રીતે મેળવી શકાય તેની વિશેષ માહિતી મેળવવા માટે  શ્રી પવનભાઈ બૈદને 93776 03217 નંબર પર  સંપર્ક કરી જાણી લેવું.

# (K) શિક્ષક વિવેક

(૧) જો શક્ય હોય તો દર ૨ મહિને ૧ વાર પાઠશાળાના ટ્રસ્ટી-શિક્ષક અને વાલીઓની મિટીંગ થવી જોઈએ. જેમાં પાઠશાળામાં શું નવું કરી શકાય જેથી વધુમાં વધુ બાળકો જોડાય અને તેમનું વિશિષ્ટ ઘડતર થાય તે માટેની વિચારણા થાય.

(૨) ઉંમર જેટલી નાની હોય તેને શીખવવું તેટલું જ અઘરું હોય છે. વર્તમાનની પાઠશાળાઓ ઓક્સીજન પર ચાલે છે તેનું એક મહત્ત્વપૂર્ણ કારણ એ પણ છે કે શિક્ષકોને ઓછામાં ઓછા પગારમાં ભણાવવા માટે મજબૂર કરવામાં આવે છે. શિક્ષકોને ફિક્સ પગારમાં બાંધવા કરતા તેમના કામ પ્રમાણે પગાર નક્કી કરવો જોઈએ. જો જોરદાર કામ કરે તો પગાર પણ જોરદાર કરી દેવો. આવી રીતે કરવાથી ખૂબ જ સરસ રિઝલ્ટ જોવા મળશે. શિક્ષકોનો પગાર જેટલો ભારે હશે તેટલા જ સારા અને બુદ્ધિમાન લોકો આ ક્ષેત્રે ભણાવવા માટે યોગદાન આપશે. જો સારો પગાર નહીં મળે તો ઘણું ભણેલું હોવા છતાં પણ જેઓ સારો પગાર આપે છે તેવી કંપનિઓમાં કામે લાગી જશે.

(૩) વરસમાં એકાદ વાર ૨૦૦-૫૦૦ જેટલા ધાર્મિક શિક્ષકોની શિબિર - ચર્ચા વિચારણા વગેરેનું આયોજન કરવું જોઈએ. જેમાં જેને-જેને સારું રિઝલ્ટ મેળવ્યું હોય તેમનું બહુમાન થાય તેઓ જે રીતે કામ કરે છે તેમનો બીજાને પણ અનુભવ મળે અને સરવાળે તે રીતે બધી પાઠશાળાઓમાં સુધારો થાય.

(૪) દરેક બાળકની પોતાની એક રિપોર્ટ ડાયરી રખાવવી. જેમાં કઈ તારીખે શું નવું કર્યું ? પાઠશાળામાં કેટલા વાગ્યે આવ્યો ? કેટલા વાગ્યે ગયો ? કેટલા સૂત્ર થઈ ગયા છે ? કેટલા પાકા છે ? તેની વિગત હોય અને દરરોજ શિક્ષક અને વાલીની સહી તેમાં થાય. આ પદ્ધતિથી બાળક કેટલા સમયમાં કેટલો આગળ વધ્યો તે ખ્યાલ આવશે.

(૫) બને ત્યાં સુધી મોડલ એવું ઉભું કરવું કે એકવાર પ્રભાવના કે ઈનામમાં ૧ રૂા. પણ ન  અપાય તો પણ બાળકો દોડતા આવે અને પાઠશાળાના ફંડથી અલગ-અલગ એક્ટિવિટી શીખવતા એવા ટીચર

રોકવા કે જેમની પાસે શીખવા માટે છોકરાઓ પોતે ફીસ ભરીને પણ પાઠશાળામાં ભણવા આવે.

(૬) યોગ્ય શિક્ષક મળ્યા પછી માત્ર બાળકોએ જ નહીં, માવતર અને ટ્રસ્ટીઓએ પણ તેમનું માન જાળવવું. તેમના શબ્દો તરત ઝીલવા. જો તેવું ન થાય તો શિક્ષક બીજી વખતે કોઈ પણ સલાહ નથી આપતા. પોતાનું અપમાન લાગતા ઘણીવાર પોતાની લાઈન જ બદલી નાંખે છે.

# (L) સાવધાન !

(૧) યાદ રાખવું કે પાઠશાળા તે ખરેખર સંસ્કારશાળા છે. તેથી જે-જે કરવાથી છોકરાઓમાં વૈરાગ્ય-વિનય અને વિવેક વધે તેવા જ આયોજનો ગોઠવવા.પાંચ પ્રતિક્રમણની સાથે-સાથે પાંચ ઈન્દ્રિય પર સંયમ રાખતા શીખે તેવી રીતે ટ્રેનિંગ આપવી.

(૨) સાવ ખોટા રસ્તે ચઢેલા બાળકો પણ જો સારા મહાત્માઓના સંપર્કમાં આવે તો ઘણીવાર સંયમ માર્ગ સુધી પહોંચી જાય છે. તો આખી પાઠશાળાને શરૂઆતથી જ એ રીતે જ આગળ વધારી હોય તો બાળકોના જીવનમાં ચમત્કારિક પરિવર્તન કેમ ના આવે ?

(૩) વર્તમાનમાં જે રીતે સંસ્કારોનું ધોવાણ થઈ રહ્યું છે તે રીતે ભવિષ્યમાં સૌથી વધુ દુષ્કાળ સંસ્કારોનો જોવા મળશે. તે સમયમાં બીજા બધા ધંધા કેટલા ચાલશે તે સવાલ છે પણ જે બીજાને સંસ્કારો આપી શકશે તેમની લાઈન ધમધોકાર ચાલશે. તેથી જો શક્ય હોય તો પાઠશાળામાં આવનાર દરેક બાળકને એવો કોર્સ કરાવવો કે તેઓ ભવિષ્યમાં 'સંસ્કાર ટીચર' બનીને ૩૬ કોમના લોકોને સંસ્કાર આપી શકે. બીજી બધી પ્રવૃત્તિ કરવા કરતા આ પ્રવૃત્તિમાં સૌથી ઓછું પાપ છે અને સરવાળે જૈનશાસનની પ્રભાવના થશે. હજારો લોકો સજ્જન અને જૈન બનશે તે નફામાં.

(૪) વાલીઓ શું કહે છે તે બાળકો નહીં સાંભળે, પણ વાલીઓ જે કરશે તેનું અનુકરણ તેઓ ચોક્કસ કરશે. તેથી જો શક્ય હોય તો મોટાઓ માટે પણ તેમના અનુકૂલ સમયે પાઠશાળા ગોઠવવી. તેમને ભણતા જોશે તો બાળક પણ સહજ રીતે જોડાશે. બાળકોને સુધારવા વાલીઓએ પણ પોતાની જીવનશૈલી સુધારવી જ પડશે. તેઓ પોતે જ ઉદ્ભટ વેશ-અભક્ષ્ય ખાન-પાન, સોશિયલ મીડિયામાં ડુબેલા હશે તો બાળકો પણ તેવું જ કરશે. ''યાદ રાખજો- પૈસા કમાવવા માટે કદાચ બુદ્ધિ કે પુણ્ય જોઈએ, પણ પૈસા ટકાવવા માટે તો સંસ્કાર જ જોઈએ. સંસ્કરણની જેટલી વધુ ઉપેક્ષા થશે, ઘરડાઘરો-અનાથાશ્રમો-આત્મહત્યાઓ- અપરાધો-વ્યસનો-દરિદ્રતા તેટલા જ વધુ પ્રમાણમાં વધશે.''

(૫) દેરાસર બંધાવવામાં જેટલું પુણ્ય બંધાય છે તેના કરતાં વધુ પુણ્ય અપેક્ષાએ પાઠશાળાના વિકાસ થકી કોઈકને જ્ઞાની બનાવવામાં બંધાય છે. કારણ કે દેરાસર પણ ત્યારે જ શોભે જ્યારે તે ભક્તોથી ભરેલું હોય. જે Speed થી જૈનોની સંખ્યા અને શ્રદ્ધા ઘટી રહી છે તે જોતા આવતા ૧૦૦ વરસ પછી કદાચ જૈન આરાધક જોવા પણ દુર્લભ બનશે એવું વર્તમાનના જાણકારો જણાવી રહ્યા છે. જો દેરાસરોમાં આવનારા અને નવા દેરાસરો બંધાવનારા જ નહીં હોય તો ભવિષ્યમાં દેરાસરોને પણ ખંડેર બનતાં વાર નહીં લાગે અને જો સંભાળનારા જ નહી હોય તો આપણા દેરાસર-ઉપાશ્રય-અબજોનું ફંડ વગેરે જૈનશાસનની તમામ મૂડી એક જ ધડાકે બીજાના હાથમાં જતી રહેશે. તેથી જો શક્ય હોય તો સૌથી વધુ ફંડ પાઠશાળાના વિકાસ માટે ફાળવવા બધાને પ્રેરણા કરતા રહેવું.

(૬) જો શક્ય હોય તો લાભાર્થી ઉભા કરી પાઠશાળા માટે એક અલગ જ મકાન ફાળવાય તેવું કરવું. જેમાં પૂરા દિવસ વિભિન્ન પ્રવૃત્તિઓ ચાલતી હોય. આપણા દીકરાઓને નાસ્તિક બનતા અને દીકરીઓને અન્ય કોમમાં જતી અટકાવવી હશે તો તેમને બધું અહીં જ મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જ પડશે. તેમજ તે ભવનનું સફળ સંચાલન કરનારા વિશિષ્ટ જાણકારોને પણ રાખવા જ પડશે. સ્કૂલો અને સોશિયલ મિડીયાના કારણે છોકરાઓના સંસ્કારો સાફ થઈ રહ્યા છે તો એની સામે

પાઠશાળા પણ એવી હોવી જોઈએ કે જેમાં ધાર્મિક શિક્ષણ-સંસ્કાર અને સ્કીલ આ ત્રણેયનું ઘડતર થવું જોઈએ. છોકરાઓ સ્કૂલે ન જાય છતાં પણ પાઠશાળાના કારણે ભવિષ્યમાં પોતાની આવશ્યકતા કરતા ડબલ રૂા. કમાવી શકે તેવા સક્ષમ બને તો જ વાલીઓ છોકરાઓને મોકલશે અને છોકરાઓ પણ પાઠશાળા દોડીને આવશે.

# (M) આવક વિવેક

(૧) જો શક્ય હોય તો આપના સંપર્કમાં જેટલા જૈન શ્રેષ્ઠિઓ હોય તેમને આ લેખ ખાસ વંચાવજો અને તેમને પ્રેરણા કરજો કે તેઓ આવી આદર્શ પાઠશાળા ઉભી કરવા માટે પોતાનું યોગદાન આપે. જો દરેક સંઘમાં અહીં બતાવેલ મુદ્દા પ્રમાણે ચાલનારી પાઠશાળા ઉભી થશે તો અમને વિશ્વાસ છે કે થોડાંક જ વર્ષોમાં નવા લાખો લોકો જૈન ધર્મથી આકર્ષિત થશે અને રાજકારણ-વ્યાપાર-કલા વગેરે દરેક ક્ષેત્રમાં જૈનોનું વર્ચસ્વ જોવા મળશે અને તેના કારણે આપણી સામે આવનારા ઘણા બધા આક્રમણોથી પણ આપણું રક્ષણ થશે.

(૨) દરેક વરસે પત્રિકા-મંડપ-સંગીતકાર-ડેકોરેશન-સ્વામિવાત્સલ્ય વગેરેમાં ૧-૧ સંઘમાં લાખ્ખો રૂા.નો ખર્ચ થાય છે છતાં ઉપાશ્રયમાં આવનારની સંખ્યા દિવસે-દિવસે ઘટતી જાય છે. તેના બદલે વરસે જો ૫-૧૦ લાખ રૂા. સંસ્કરણ માટે વાપરવામાં આવે તો ૫-૧૦ વર્ષમાં આખા સંઘની કાયાપલટ થઈ શકે અને દર મહિને સ્વામિવાત્સલ્ય કરાવી શકાય તેટલું ફંડ વધશે. કારણ કે જેની પાસે સમજણ નથી તેના બધા પૈસા જૈનશાસનની બહાર જશે અને સમજણ હશે તો તેઓ પોતાનું Extra ફંડ જૈનશાસનમાં જ વાપરશે. યાદ રાખજો - બીમાર પિતાને બ્યુટી પાર્લરમાં લઈ જવાથી તે સ્વસ્થ નહીં થાય, તેની ટ્રીટમેન્ટ સારી કરાવશો તો જ તે બચી શકશે.

(૩) આવી આદર્શ પાઠશાળા ચલાવવા માટે અઢળક ફંડની જરૂર પડશે. તે માટે સંઘમાં કોઈપણ સામાજિક કે ધાર્મિક કાર્યક્રમોનું આયોજન હોય તેમાં જીવદયાની જેમ પાઠશાળા માટે પણ ફંડ અવશ્ય કરાવવું. કારણ કે જે જૈનશાસનનો પાયો છે તે જ જો કાચો રહી જશે તો ઉપરની આખી ઈમારતને પડતા ક્યાં વાર લાગવાની છે ? તે માટે જે ૫ હજારથી વધુ લખાવે તેમના નામ અને ૧૧ હજારથી વધુ લખાવે તેમના ફોટા + નામવાળું બેનર બનાવી સંઘમાં આવતા જતાં બધાને દેખાય તેવા ઠેકાણે આખા વરસ માટે લગાવવું. તેમજ સંઘના વોટ્સએપ ગ્રુપમાં તેમના ફોટા-નામ + રકમ સાથે આભાર+અનુમોદના કરી વાયરલ કરવું. આમ કરવાથી પાઠશાળા માટે ઘણું ફંડ ભેગું થશે.

# (N) અને છેલ્લે...

(૧) પાઠશાળા વિકાસ માટે અહીં ઘણાં બધા મુદ્દાઓ આપ્યા છે. આપને આમાં કોઈ ફેરફાર કરવા જેવા લાગે તો અમારા સંપર્ક સૂત્ર પર અમને અવશ્ય જણાવજો અને આપના ધ્યાનમાં આની સિવાય પણ કોઈ મુદ્દાઓ આવે તો તે અમને અવશ્ય જણાવજો. અમે એ બધા મુદ્દાઓને આમાં જોડવા પ્રયત્ન કરશું.

(૨) જેમ-જેમ નવા સૂચનો આવશે તેમ-તેમ આ મેટરની અંદર થોડા-થોડા સમય પછી ઘણી બધી નવી-નવી મેટર ઉમેરાતી જશે. જો તમે અમુક સમય પછી સુધારા-વધારા યુક્ત આની છેલ્લી આવૃત્તિ મેળવવા ઈચ્છતા હોવ તો તે માટે ગુગલ પર www.bhagwankajawab.com/aadarshpathshala.html type કરી તેની PDF Download કરવી.

(૩) જેમને પણ પાઠશાળાના વિકાસ માટે વિશિષ્ટ જાણકારી મેળવવી હોય તેઓ **Whatsapp** થકી પૂછાવી શકે કે રુબરુ મળવા આવી શકે. સંપર્ક સૂત્ર : પ્રફુલ્લભાઈ +91 7777993778

(૪) જૈન ધર્મને વિશ્વવ્યાપી બનાવવા માટે શું કરવું તે માટે આવી ઘણી બધી નવી-નવી સામગ્રી અને નવી વિચારણાઓ જો તમે મેળવવા ઈચ્છતા હો તો તે માટે અમારા ફેસબુક પેજ **bhagwan ka jawab** પર લાઈક કરી શકાશે. તેમજ અમારા વોટ્સએપ ગ્રુપમા જોડાઈ શકાય. જેનો નંબર છે +૯૧ ૭૩૮૩૨૫૪૬૯૭. આ નંબર સેવ કરી મેસેજ મોકલવો. **Join me** સાથે આપનું નામ-અટક અને શહેરનું નામ લખવું.

(૫) જો તમે જૈનશાસનને વિશ્વશાસન બનાવવા ઈચ્છતા હો અને સમગ્ર વિશ્વમાં શાંતિનું સામ્રાજ્ય વ્યાપે તેવું ઈચ્છતા હો તો આ લેખની સેંકડો નકલ બનાવી દરેક ભાગ્યશાળી સુધી અવશ્ય પહોંચાડજો અને આની PDF આપના બધા સંપર્કોમાં  અવશ્ય શેયર કરજો.

**લેખક અને સંકલન : પં. હીરરત્નવિજયજી મ.સા.**